Extra No. 246

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **WEDNESDAY, JULY 2, 2025 / ASADHA 11, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વાંચ્યા:-

૧. પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. ગાંધીનગરની કચેરીના પત્ર ક્રમાંક:- જી.૧/કા.વ્ય.-૨/ડવ-૨૭/૪૨૨/૨૫ તા.૧૧/૦૬/૨૦૨૫

૨. Director, Ministry of Civil Aviation, Govt. of India, New Delhi ના ઓની કચેરીના પત્ર ક્રમાંક :-AV-22031/52/2025-SIDT-MOCA તા.૦૫/૦૬/૨૦૨૫

૩. પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્યના પત્ર ક્રમાંક : SOG/જાહેરનામું/૩૦૪/૨૦૨૫ તા.૧૬/૦૬/૨૦૨૫

//જાહેરનામું //

// ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા સને-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ //

No.EC/MAG/-/WS/5710 To 5770/2025.-ભારત-પાકિસ્તાન સરહદ પારથી ભારતીય પ્રદેશમાં અનિધકૃત ડ્રોન જોવા અને ઘુસણખોરીના અનેક કિસ્સાઓ સંબંધે પ્રવર્તમાન સુરક્ષા પરિસ્થિતિને ધ્યાને લેતા વડોદરા ગ્રામ્ય જીલ્લામાં લોકો વચ્ચે ભય જેવી પરિસ્થિતી ઉભી ન થાય તેમજ લોકોની જાન માલની સુરક્ષાને ધ્યાને લઈ બીજો હુકમ ન થાય ત્યાં સુધી વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરની હકુમત સિવાયના વડોદરા ગ્રામ્ય જિલ્લાના સમગ્ર વિસ્તાર (નગરપાલિકા વિસ્તાર સહિત) માં તથા વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રીની હદ વિસ્તાર સિવાયના વડોદરા મ્યુનિસીપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ વિસ્તારમાં તમામ પ્રકારના UAV/ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ ફરમાવવા માટે પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય મારફતે દરખાસ્ત થઈ આવેલ છે. આમ, હાલની પરિસ્થિતી ધ્યાને લેતા લોકોમાં કોઈ પણ રીતે ભય ન ફેલાય અને કોઈ પણ પ્રકારે જાહેર-વ્યવસ્થા ન ખોરવાય તે માટે વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરની હકુમત સિવાયના વડોદરા ગ્રામ્ય જિલ્લાના સમગ્ર વિસ્તાર (નગરપાલિકા વિસ્તાર સહિત) માં તથા વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રીની હદ વિસ્તાર સિવાયના વડોદરા મ્યુનિસીપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ વિસ્તારમાં તમામ પ્રકારનાં UAV/ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું બી. એસ. પટેલ (GAS) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વડોદરા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા(BNSS), ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરની હકુમત સિવાયના વડોદરા ગ્રામ્ય જિલ્લાના સમગ્ર વિસ્તાર (નગરપાલિકા

વિસ્તાર સહિત) માં તથા વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રીની હદ વિસ્તાર સિવાયના વડોદરા મ્યુનિસીપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ વિસ્તારમાં તમામ પ્રકારના UAV/ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ ફરમાવું છું.

// પ્રતિબંધિત સમય//

આ હુકમ તા.૨૭/૦૬/૨૦૨૫ના ૦૦/૦૦ થી તા૧૨/૦૭/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

// સજા //

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપલા દરજ્જાનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે. ઉપરોકત મુજબનું કૃત્ય કરનારા ઈસમો સામે ઉપર મુજબનો કોઈપણ સામાન પોલીસ તપાસ અર્થે કબ્જે લઈ શકશે.

આજ તા.૨૭/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

બી. એસ. પટેલ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
વડોદરા

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.07.28 17:00:09 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara